1. ગવરીબાઈકા મંદિર

ગવરીબાઈ

......

મીરાંબાઈ જેટલાં જ આધ્યાત્મિક કવિ ગવરીબાઈ નાની ઉંમરથી ભક્તિમાં લીન થયાં હતાં. મૂળ ગુજરાતનાં નાગર પણ છ વરસની ઉંમરે પરણીને રાજસ્થાનમાં વસેલાં. ત્યાં નાની ઉંમરે જ વિધવા થતાં ભક્તિમાં એવાં લીન થયાં કે જયપુરના મહારાણીએ તેમને માટે ગિરિપુર (ડુંગરપુર)માં એક મંદિર બંધાવેલું. સાધુ-સંતો સાથે તેઓ ફરતાં રહેતાં. તેમણે છસો જેટલાં પદ રચ્યાં છે.

આ પદમાં તેમણે રાજસ્થાનના વાગડ પ્રદેશમાં રહીને ભક્તિનો રાહ પસંદ કર્યો તેની વાત છે. મહારાજાએ તેમને માટે બંધાવેલું વનેશ્વર મહાદેવનું મંદિર હજી ગિરિપુર (ડુંગરપુર)માં ગેબસાગર તળાવને સામે કાંઠે એક વનમાં છે. એ મંદિરની સાથે ગિરધર એટલે કે ભગવાન શ્રી કૃષ્ણએ ગવરીબાઈ નામનું મંદિર બનાવ્યાની વાત ગૂંથી લીધી છે. આ શરીર પણ ઈશ્વરનું નિવાસ સ્થાન હોવાથી મંદિર જ છે એમ તેઓ કહે છે. જેઓ નિર્ભય થઈને હરિગુણ ગાય તેમનું દેહમંદિર પરમશોભા ધારણ કરે. આવાં ભક્તજનોનાં દર્શન કરતાં જ મનમાં શાંતિનો અનુભવ થાય. પણ આવો ભેદ એટલે કે રહસ્ય ત્યારે જ સમજાય કે જ્યારે મન અને શરીરને (તેની ઈન્દ્રિયોને) માણસ વશમાં રાખે. એમણે આ પદમાં આપેલી તિથિ અને સંવત કેટલાકને મતે તેમના જન્મની તિથિ છે, કારણ કે ત્યારે ઈશ્વરે તેમના દેહમંદિરને બનાવ્યું.

પદ એટલે પગ, ચરણ. કવિતાની મૂળ કડી અથવા એક કડીને (બે પંક્તિને) ચરણ અથવા પદ કહેવાનો રિવાજ હતો. સંસ્કૃતમાં 'પદપાઠ' એટલે વેદ અથવા શાસ્ત્રની બે પંક્તિ (અથવા મંત્ર)ને અમુક ચોક્કસ આરોહ-અવરોહ, સ્વરભાર, લય વગેરે સાથે ગાવાની પરંપરા. કવિતાની બે પંક્તિને પદ અથવા ચરણ તરીકે ઓળખવાની પરંપરા આગળ ચાલી. એ માટે કારણ પણ ખરું. માન્યતા એવી કે પક્ષી કે માણસના બે પગ હોય તે ચાલીને ક્યાંક પહોંચે છે (ક્યાંક ચાર પંક્તિની કડી કે ચરણ પણ હોય તેની પાછળનો તર્ક પણ આ.) એ રીતે કવિના મનમાં સંવેદન, ભાવ, લાગણી, વિચાર વગેરે આ ચરણ કે પદ થકી વાચક અથવા સાંભળનાર સુધી પહોંચે છે.

પછી તો આ પદનું બનેલું આખું કાવ્ય પદ્ય તરીકે ઓળખાવા માંડ્યું. મધ્યકાળમાં જે ગુજરાતી સાહિત્ય રચાયું તે મોટાભાગનું પદ્યમાં લખાયેલું છે. રાસ, ફાગુ, આખ્યાન, છપ્પા, ગરબા, ગરબી, પ્રબંધ બધું પદ્યમાં છે. એ પદ્યથી પ્રભાતિયાં, ભજન જેવાં સાહિત્યસ્વરૂપોને અલગ રાખવા તેમને માટે પદ શબ્દ વાપરવાની પરંપરા આરંભાઈ. પ્રભાતમાં ગવાતાં પદ તે પ્રભાતિયાં. ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યના ભાવો રજૂ કરતાં ગમે તે સમયે ગવાતાં તે પદને ભજન કહ્યાં.

એટલે વસ્તુની રીતે ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, ત્યાગ વગેરે ભાવોને જુદાજુદા લય અથવા રાગમાં ચાર-છ કડી અથવા ચરણમાં ગવાતાં ગીતો (ભાવભર્યા ઉદ્‌ગારો) તે પદ. આનો લાભ એ થયો કે વાંચતા લખતાં ન આવડતું હોય તેવા મોટાભાગના સમાજે તેને પોતાના કંઠમાં સાચવી રાખ્યાં. ગુજરાતીમાં નરસિંહ, મીરાં વગેરેનાં પદો જાણીતાં છે.

ગિરધર ગવરીકા મંદિર બનાયા,
વાગડ ક્ષેત્ર ગિરિપુર માંહે, ભક્તિ રાહા ચલાયા;
નાગર સાગર નીત માંહે. નીરભે હરિ ગુણ ગાયા. ગીર.
એ મંદિર કી સુંદર શોભા, દેખંતો દિલ ભાયા;
વે ભેદજન ત્યારે પાવે, વશ રાખે મન કાયા. ગીર.
સંવત અઢાર છત્રીસ માંહે, માહા શુક્લ પક્ષ આયા;
વસંત ષષ્ટી સત ગુરુવારે, રામલાલા પધરાયા. ગીર.

- આ વનેશ્વર મહાદેવનું દેવાલય ગિરિપુરમાં ગેબસાગર તળાવને સામે કાંઠે એક વનમાં છે આ મંદિર હજી ગિરિપુરમાં છે.

ટિપ્પણ

ગિરધર - કૃષ્ણ, ગિરિધર - પર્વત ધારણ કરનાર; ગોવર્ધન પર્વત ધારણ કરનાર - કૃષ્ણ **વાગડ** - ગુજરાતનો એક પ્રદેશ **ગિરિપુર** - ગામનું નામ **રાહા** - માર્ગ, પંથ **નાગર** - બાહ્મણની એક જ્ઞાતિ **નાત** - ન્યાત, જ્ઞાતિ **નીરભે** - નિર્ભયતાથી **ભાય** - ગમે **પાવે** - મેળવે, અહીં-જાણે **વશ** - કાબૂ **સંવત** - વિક્રમસંવત **માહા** - મહા મહિનો **શુક્લપક્ષ** - સુદ પક્ષ, અજવાળિયું **ષષ્ટી** - છઠ્ઠી તિથિ (છઠ્ઠ)

સ્વાધ્યાય

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.

1. કવયિત્રીએ ભગવાનનું મંદિર ક્યાં બનાવ્યું હતું ?
2. કવયિત્રીએ લોકોને કયો માર્ગ બતાવ્યો છે ?
3. કવયિત્રીએ કેવી રીતે હરિગુણ ગાયા હતા ?

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. કવયિત્રીએ બનાવેલા મંદિરની શોભા વર્ણવો.
2. મંદિરમાં રામલાલાની પધરામણી ક્યારે કરવામાં આવી હતી ?
3. 'રામલાલા'નો બીજો અર્થ 'આત્મા' લઈ શકાય ? શા માટે ?

પ્રશ્ન 3. કાવ્યપંકિતનો ભાવ સ્પષ્ટ કરો :

1. 'વે ભેદજન ત્યારે પાવે, વશ રાકે, મન કાયા'

પ્રશ્ન 4. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.

1. તમારા ઘરની આસપાસ આવેલા કોઈ મંદિરની શોભાનું વર્ણન કરો.
2. મંદિરમાં દર્શન કરતી વખતે તેમને કેવી અનુભૂતિ થાય છે તેનું આલેખન કરો.

પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.

સાગર, દિલ, કાયા, હરિ

આટલું કરો

1. મીરાંબાઈનો પ્રભુપ્રેમ વ્યક્ત કરતાં કાવ્યોનો હસ્તલિખિત અંક તૈયાર કરો.
2. ભારતનાં પ્રસિદ્ધ મંદિરો વિશે જાણવા જેવું તૈયાર કરીને પ્રાર્થના સભામાં રજૂ કરો.
3. હરિગુણ ગાતી કોઈ એક કવિતાનું વર્ગમાં ગાન / પઠન કરો.

●